# ગુજરાતની વિકાસ યાત્રામાં લોકો-સરકારનું યોગદાન છે

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૧લી મે, ગુજરાત સ્થાપના દિને નાગરિકોને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, આજનું વિકસીત ગુજરાત અનેક મહાનુભાવો મનીષીઓના પુરુષાર્થ આશીર્વાદનું પરિણામ છે. મહાગુજરાત આંદોલન ના પ્રણેતા પૂ. ઈન્દુચાચાના નેતૃત્વમાં અનેક નવયુવાનોએ બલિદાન આપી ગુજરાતના સ્વાભિમાન અસ્મિતાની લડાઈ લડી હતી.

તેમણે મહાગુજરાત આંદોલનને સશક્ત ભારતના નિર્માણ માટેનો શ્રેષ્ઠ પ્રયાસ ગણાવ્યો હતો. મુખ્યમંત્રી રૂપાણીએ વિકાસના સાડા પાંચ દાયકાના કાલખંડમાં સૌ નાગરિકો, તમામ સરકારના યોગદાનને પરિણામરૂપ ગણાવ્યું હતું. સૌ નાગરિકોને ગુજરાત ગૌરવદિનની હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી. વિશ્વભરમાં પથરાયેલા મારા ગુજરાતના સૌ ગુજરાતી નાગરિક, આપણુ ગુજરાત, ગૌરવવંતુ ગુજરાત ૧લીમે એ ૫૭માં વર્ષમાં પ્રવેશે છે. ગુજરાતમાં વસતા ગુજરાત બહાર સ્થાયી થયેલા, વિશ્વભરમાં ગુજરાતની ગરિમા કરનારા સૌ ગુજરાતીઓને મારી અને મારા મંત્રી મંડળની ગુજરાત ગૌરવ દિવસની હૃદયપૂર્વકની શુભેચ્છા પાઠવું છું. જેમની પરિપાટીએ આપણને અલગ રાજય તરીકે ૧૯૬૦મા અસ્તિત્વ મળ્યું તે મહાગુજરાતની ચળવળ, ગુજરાતની સંઘર્ષ યાત્રામાં શિરમોર છે. જે ગુજરાતે આઝાદી જંગમાં અનેકવિધ બલિદાનો આપ્યા, સત્યાગ્રહ અને અહિંસાના અમોઘ શસ્ત્રથી બ્રિટીશરોના પાયા ડગમગાવી નાખ્યા હતા. એ જ ગુજરાતનું ખમીર અને ઝમીર ઈતિહાસની અટારીએ આજે પણ ચિર પ્રકાશિત જોઈ શકાય છે. દિશે અરૂણુ પ્રભાત જય જય ગરવી ગુજરાત એ નારા સાથે મહાગુજરાત આંદોલનના પ્રણેતા ઈન્દુચાચાના નેતૃત્વમાં અનેક દુધમલ નવયુવાનોએ મોત વહાલુ કરીને ગુજરાતની સ્વાભિમાનની અસ્મિતાની લડાઈ લડી હતી. મહા ગુજરાત આંદોલન, ભારતની શક્તિમાં વધારો કરવાનો એક પ્રયાસ હતો. આ આંદોલનની સફળતાને પગલે પહેલી મે ૧૯૬૦ના દિવસે ગુજરાત બુહદ મુંબઈ રાજયમાંથી અલાયદા રાજય તરીકે ભારતના નકશામાં સ્થાન પામ્યું. જ્યારે ગુજરાત મુંબઈ રાજ્યથી અલગ પડ્યું ત્યારે સૌના મનમાં દ્વિધા હતી.

# શાહીબાગ વિશિષ્ટ અતિથિગૃહ ખાતે નવનિર્મિત એનેક્ષી બિલ્ડીંગને ખુલ્લું મુકતા મુખ્યમંત્રી

અમદાવાદ, તા. ૩૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યુ છે કે, ગુજરાત તેના આતિથ્ય સંસ્કાર માટે જાણીતું છે અને એ તેની ઉજવળ પરંપરા છે, ત્યારે અમદાવાદ ખાતે નવનિર્મિત વિશિષ્ટ રાજ્ય અતિથિગૃહ રાજ્યનું આતિથ્ય ગૌરવ વધારશે. રાજયની મુલાકાતે આવનાર વીવીઆઈપી મહાનુભાવોને આતિથ્ય સન્માન જાળવી શકાય તે પ્રકારની અદ્યતન સુવિધાઓ અહી ઉપલબ્ધ છે, એમ તેમણે ઉમેર્યુ હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે, શાહીબાગ સ્થિત રાજ્ય વિશિષ્ટ અતિથિ ગૃહ સંકુલમાં જ આ નવું એનેક્ષી બિલ્ડીંગ અંદાજે રૂ.૧,૫૦૦ લાખના ખર્ચે બનાવાયું છે. ચાર માળના આ બિલ્ડીંગમાં આર.સી.સી.ફ્રેમ સ્ટ્રકચરવાળું અને રીસેપ્શન-વેઈટીંગ-મીડિયા હૉલ, કોન્ફરન્સ હૉલ, ડાઈનીંગ રૂમ, વીવીઆઈપી સ્યુટ, ડૉકટર રૂમ, એટેન્ડન્ટ રૂમ, જીમ તથા ડાઈનીંગ સહિતની સુવિધાનો સમાવેશ કરાયો છે.



## સુયશ ક્રિસ્ટલ સરગાસણમાં નવચંડી યજ્ઞ યોજાયો

ગાંધીનગરની સરહદ ઉપર ઝડપી વિકાસ પામેલા સરગાસણની સુયશ ક્રિસ્ટલ રેસીડન્સીમાં નવચંડી યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ. સુયશ ક્રિસ્ટલ ફ્લેટના તમામ પરિવારોના સભ્યો ધાર્મિક આસ્થાથી જોડાયેલા રહે છે અને તે કારણથી ધાર્મિક તહેવારોનું અહીં શ્રદ્ધા ભક્તિથી સુંદર આયોજન થતુ જ રહે છે. જેમાં રવિવારના રોજ આ પરિવારોએ ભેગા મળી ભૂમિની પવિત્રતા અને શુદ્ધિ માટે નવચંડી યજ્ઞનું મહા આયોજન કર્યુ હતુ. જગત જનની જગદંબાના આ મહાન કાર્યમાં તમામ સભ્યોએ તન-મન-ધનથી પૂરી શ્રદ્ધા સાથે યજ્ઞમાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી અને મા ભગવતીની અસીમ કૃપા આ ધરતી ઉપર અને પરિવાર ઉપર રહે તેવા આશિર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ ઉપસ્થિત રહી આ ધાર્મિક ભાવનાને પ્રોત્સાહિત કરી યજ્ઞના દર્શનનો લાભ લીધો હતો. સુયશ ક્રિસ્ટલના પ્રમુખ અરવિંદભાઈએ આ પ્રસંગને શ્રેષ્ઠ અને સફળ બનાવવા માટે કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો. સંપ અને સંસ્કાર થકી ઉદ્ભવતા વિચારો યોગ્ય માર્ગે ઉપયોગ કરવાનો મૂળભૂત હેતુ સુયશ ક્રિસ્ટલ પરિવારના આ પ્રસંગમાં જોવા મળ્યો હતો. જે અદ્ભૂત રીતે દીપી ઉઠ્યો હતો.

# ગુજરાત સ્થાપના દિવસની આજે ભવ્ય ઉજવણી કરાશે

અમદાવાદ, તા. ૩૦

ગુજરાત સ્થાપના દિવસની આવતીકાલે રાજયભરમાં પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવનાર છે. જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી ચુક્યું છે.

ગુજરાત અને મહારાષ્ટ્ર બંને સ્થાપના દિવસની એક સાથે ઉજવણી કરે છે. બંને રાજ્યો આજે સૌથી વિકસિત રાજ્યો પૈકીના એક તરીકે ઉભરી ચુક્યા છે. ગુજરાત સ્થાપના દિવસના પ્રસંગે તૈયારીરુપે છેલ્લા ઘણા દિવસથી કાર્યક્રમો યોજાઈ રહ્યા હતા. અમદાવાદ શહેર અને રાજ્યના જુદા જુદા ભાગોને ખાસરીતે શણગારવામાં આવ્યા છે.

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્થાપના દિવસના એક દિવસ પહેલા આજે રાજયની સિદ્ધિઓ અંગે વાત કરી હતી. પહેલી મે ૧૯૬૦ના દિવસે ગુજરાતની રચના થઈ હતી. ગુજરાત દિવસના પ્રસંગે આ વખતે અમદાવાદ જિલ્લામાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૫ ઈવેન્ટથી વધુ યોજાઈ ચુકી છે.

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીઆવતીકાલે ૮.૩૦ વાગે મહાગુજરાત આંદોલનના નેતા ઈન્દુ ચાચાને શ્રદ્ધાંજલિ આપીને ગુજરાત દિવસ ઉજવણીની શરૂઆત કરશે. ત્યારબાદ જુદા જુદા કાર્યક્રમો યોજાશે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે સાંજે ૫.૩૦ વાગે ભવ્ય પરેડનું આયોજન પણ કરવામાં આવ્યું છે. બીજી બાજુ સાંજે સાત વાગે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

ગુજરાત દિવસની ઉજવણી પહેલા છેલ્લા ઘણા દિવસથી સુરક્ષા દળો દ્વારા પણ ભવ્ય તૈયારીઓ કરવામાં આવી રહી હતી. આ ઉપરાંત સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા પણ તૈયારીઓ ચાલી રહી હતી. ગુજરાતમાં કુલ વર્કરોની વાત કરવામાં આવે તો એગ્રીકલ્ચર વર્કરોની સંખ્યા ૬૮૩૯૪૧૫ જેટલી છે. ગુજરાતમાં જુદા જુદા ક્ષેત્રોનો અભૂતપૂર્વ વિકાસ થયો છે. વર્ષ ૨૦૦૯-૨૦૧૬ના ગાળા દરમિયાન સૂચિત મૂડીરોકાણની વાત કરવામાં આવે તો આંકડો ૮૧૧૪૪૫ કરોડ સુધી પહોંચે છે. ગુજરાતમાં સાક્ષરતાનો દર ૭૯.૩૧ ટકા રહ્યો છે. જે સરેરાશ કરતા ખુબ સારો કહી શકાય છે. જુદી જુદી પાર્ટીઓ દ્વારા પણ પોતપોતાની રીતે ઉજવણીના કાર્યક્રમો તૈયાર કરાયા છે.

## દરખાસ્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી બાજુ મોદીએ ફેબ્રુઆરી મહિનામાં જ એક સાથે ચૂંટણી કરવાની તરફેણ કરી હતી. તે વખતે મોદીએ કહ્યું હતું કે, એક સાથે ચૂંટણીથી તમામને ફાયદો થશે. તમામ રાજકીય પક્ષોને આ દિશામાં વિચારણા કરવા મોદીએ કહ્યું હતું. હાલમાં દેશમાં દર છ મહિનામાં કોઈને કોઈ જગ્યાએ ચૂંટણી થતી રહે છે. આવી સ્થિતિમાં સુરક્ષા જવાનોની તૈનાતી, જંગી નાણાંકીય ખર્ચ કરવો પડે છે. નીતિ યાયોગના સૂચનોને ધ્યાનમાં લઈને ઈલેક્શન કમિશને રોડ મેપ બનાવવા માટે તૈયારી હાથ ધરી છે. ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૨૦ સુધી ત્રણ વર્ષ માટે એજન્ડાને તૈયાર કરવામાં આવશે. નીતિ આયોગે એમ પણ કહ્યું છે કે, આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યા પર રાષ્ટ્રપતિએ પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

## ઈપીઆઈ અપનાવીએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોના દિલોદિમાગમાંથી દૂર થશે નહીં એને દૂર કરવામાં સમય લાગી શકે છે. હાલમાં કલ્ચરની પૂર્ણાહૂતિ થઈ છે. મોદીએ ભીમ એપ્સ સાથે જોડાઈને કમાણી કરવા માટે યુવાનોને અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ભીમ એપ્સ સાથે અન્ય લોકોને જોડીને કમાણી કરી શકાય છે. નવી પેઢી ડિઝિટલ અનુભવથી ઘણુ બધુ સીખી રહી છે. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, કેટલીક એવી ચીજો સિખવી જોઈએ જે અંગે કોઈ અનુભવ ન રહે. પોતાની ઈચ્છા શક્તિથી હટીને નવી બાબતો શિખવા ઉપર ભાર મુક્યો હતો જેમાં પેઈન્ટિંગ, ડ્રાઈવિંગનો સમાવેશ થાય છે. ગરમીની રજાઓમાં અનેક નવા કામ સિખવા મોદીએ અપીલ કરી હતી. ગરમીના દિવસોમાં કેમ્પ લગાવનાર સંગઠનો સાથે જોડાવવા માટે પણ સૂચન કર્યું હતું.

## રાયફલ જપ્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કારતુસ, ૪૦ રાયફલ, પિસ્તોલ, એક કરોડ રોકડ રકમ અને ૧૧૭ કિલો માંસનો જથ્થો મળી આવ્યો હતો. ૧૬ કલાક સુધી દરોડાની કામગીરી ચાલી હતી. ડીઆરઆઈની ટીમ દ્વારા ગુપ્ત માહિતીના આધાર પર દરોડા પાડ્યા હતા.

એક કરોડની રોકડ રકમ મળી આવ્યા બાદ તેમાં પણ તપાસ ચાલી રહી છે. આટલું જ નહીં બલ્કે ૧૧૭ કિલોગ્રામ માંસનો જથ્થો એક મોટા કન્ટેનરમાં મળી આવ્યો હતો. રાયફલ, પિસ્તોલ, વિદેશી હથિયારોનો જથ્થો મળી આવ્યો હતો. આ હથિયારોના લાયસન્સ મળ્યા નથી. બીજી બાજુ ટીમે નિવૃત્ત કર્નલની પુછપરછ પણ હાથ ધરી છે. તેમના રાષ્ટ્રીય સ્તરના શૂટર પુત્ર પ્રશાંત બિસ્નોઈને લઈને પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

તથા તપાસ ઉપર વિપરીત અસર પડે છે. સાક્ષી, પુરાવા ફોડવાના, ધાક ધમકી આપવાના તથા લોભલાલચ આપી પોતાના તરફી પુરાવા ભેગા કરવાનો આરોપીને સમય મળી રહે છે. આસારામની આ પ્રકારની ૨૨ જેટલી અરજી નામદાર કોર્ટે રદ બાતલ ઠરાવી છે. મોટા ગુન્હામાં પકડાયે વ્યક્તિ દ્વારા યેનકેન પ્રકારે અલગ અલગ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી મુખ્ય અરજી પેન્ડીંગ હોય વચગાળાના જામીન મેળવવાના પ્રયત્ન ઉપર લાર્જર બેન્ચના આ ચુકાદાથી રોક લાગશે અને આરોપી જેલ મુક્ત રહી શકશે નહિ.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

''વિક્રમ રાજાની માફક આપણા પ્રધાનો કે અધિકારીઓ ભલે વેશપલટો કરીને નગરચર્યા જોવા ન નીકળે, પરંતુ કોઈ પણ ખાતાની ઓફિસ ઉપર કે ચાલુ કામ ઉપર કોઈ પણ જાતની હોહા કે જાહેરાત કર્યા વિના કોઈ કોઈ વખતે જઈ પહોંચવાનો શિરસ્તો પાડશે, તો એમને ઘણું જાણવા મળશે, અને કર્મચારીઓને એમનું કામ ઝડપથી અને સુંદર રીતે પાર પાડવાની ચાનક ચઢશે.''

અન્ય તબક્કે તેમણે અમલદારોને સંબોધ્યા હતાઃ 'સરકારી નોકરો એ પ્રજાના સેવકો છે. રાજ્ય ચલાવવા સરકારે કેટલાક કાયદા ઘડ્યા છે. એ કાયદાઓનો આશ્રય લેવાની જરૂર પડે તો ભલે લો, પણ એ ન ભૂલશો કે કાયદો જડ છે અને આપણે ચેતન છીએ. આપણે માનવતાને લક્ષમાં રાખી કાયદાનો ઉપયોગ કરવો જોઈએ. સરકારે તમને કાયદાની સોટી આપી રાખી છે, પણ એનો ઉપયોગ ક્યારે અને કેવી રીતે કરવો એ તમારે સમજવું જોઈએ.' 'તમે પ્રજાના સેવક થજો, અમલદાર નહીં. પ્રજા એના પગ પર ઊભી રહે એવું કરો ત્યારે સમજજો કે તમે સેવા કરી. તમે બધા ભાઈઓ સેવા માટે જશો. સેવા શબ્દ ખાસ યાદ રાખજો. સેવા ને નોકરીના અર્થ જુદા છે.'

'લોકોને સુધારવાને બદલે પહેલાં આપણે સુધરવાનું છે.' એ મૂળભૂત મંત્ર સાથે રવિશંકર મહારાજ જેવા જનસેવકોએ મૂકસેવક તરીકે આખું આયખું ઘસી નાંખ્યું. પોતે જે આદર્શો આચરણમાં મૂક્યા એ જ અન્યોને પ્રબોધ્યા. એમના શબ્દો વર્તમાન શાસકો માટે પણ એટલા જ પ્રેરણા સ્વરૂપ છે. 'પરોપદેશે પાંડિત્યં સર્વેષાં સુકુરં નૃણામ્'ની જેમ માત્ર અન્યોને ઉપદેશ કરવાને બદલે સારા વિચારો અને આદર્શોના આચરણથી સમાજને શીખ આપી શકે, એવા ટકોરાબંધ માણસોનો આજે ખપ છે.

-haridesai@gmail.com

